| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૫/૦૧/૨૦૨૧ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૮૨ | ૦ | ૧૧૧૮૨ | ૧૭૩૧૩ | ૦ | ૧૭૩૧૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૫ | ૦ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૫ | ૦ | ૬૫ | ૨૬૬ | ૦ | ૨૬૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૮૫૧૯ | ૫૭ | ૨૮૫૭૬ | ૨૯૭૪૧ | ૫૫ | ૨૯૭૯૬ |
| | કુલ | ૪૪૪૬૮ | ૫૭ | ૪૪૫૨૫ | ૫૩૫૪૫ | ૫૫ | ૫૩૬૦૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૫ | ૯,૯૩,૬૫૦ |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૨૮ | ૧૪,૨૮,૦૦૦/- |

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન :

### ખોખરા પો.સ્ટે-એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૧૦૨૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ખોખરા પોલીસ

મે.પોલીસ કમિશનરશ્રી,તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ સાહેબ દ્વારા નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સારૂ ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘આઇ’ ડીવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે. ના પો.સબ.ઇન્સ. આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ. તેજલાપસિંહ પુરણસિંહ બ.નં.૭૭૨૮ તથા અ.હેડ.કોન્સ સિધ્ધરાજભાઇ ધુડાભાઇ બ.નં.૯૮૨૮ તથા હેડ.કોન્સ ભરતસિંહ પરષોતભાઇ બ.નં.૭૦૩૭ તથા પો.કો.ખુમદેવસિંહ નરહરસિંહ બ.નં.૧૦૧૩૩ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૦૮૫૮ તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૩/૦૦ વાગે જશોદાનગર બ્રીજ પાસે આવતા સાથેના અ.હેડ.કોન્સ સિધ્ધરાજભાઇ ધુડાભાઇ તથા પો.કો.ખુમદેવસિંહ નરહરસિંહનાઓને સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે “ખોખરા પો.સ્ટે-એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૧૦૨૬/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી વિજય દિનેશભાઇ કોરી નાનો કેડીલા બ્રીજ તરફથી આવી અત્રે થઇ ગોરના કુવા તરફ જનાર છે જે ઇસમે શરીરે લાલ તથા સફેદ કલરની ડીઝાઇનવાળો શર્ટ તથા સફેદ કલરનુ પેંટ પહેરેલ છે ” ઉપરોક્ત બાતમી હકીકત આધારે સદર નાસતા ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સરાહનીય કામગીરી કરેલ છે.



**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

## સને-૨૦૧૭ ની સાલના ઘરફોડ ચોરીના ગુનામાં લાલશાહીથી દર્શાવેલ નાસતા ફરતા આરોપીને પકડી પાડતી જી.આઈ.ડીસી વટવા પોલીસ

મે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર નાઓએ નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગેને ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાન મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીઝન નાઓના માર્ગદર્શન તળે જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ નાઓની આગેવાનીમાં ટીમ બનાવવામાં આવેલ જે અનુસંધાને સર્વેલન્સ મ.સ.ઇ.મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ નાઓએ લોક રક્ષક સચીન અનીલભાઇ બ.ન.૧૨૭૨૨ તથા લોક રક્ષક દિપકકુમાર ઇશ્વરભાઇ બ.ન.૧૦૧૧ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે આરોપી મહાદેવ બાજુભાઇ દેવીપુજક (દંતાણી) (વેડવા) ઉવ.૩૫ રહે, હરીપુરા સેવન ડે સ્કુલ પાસે કાચા છાપરામાં ખોખરા અમદાવાદ શહેર ને પકડી સારી કામગીરી કરેલ છે.

# <u>પાસા અટકાયતની વિગત</u>

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન : (૧)


## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૦૫૩/૨૦૨૧ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૩૫/૨૦૨૧ તા.૨૪/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૪/૦૧/૨૦૨૧ ના કલાકઃ૨૦/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામ:-** શ્રી રવિકુમાર સ/ઓ લાખારામ ડાહ્યાલાલ જાતે રાણા(ભીલ) રહે.મ.નં.૧૨,શક્તિનગર સોસાયટી ઉમા હોસ્પીટલ પાસે નવા નરોડા અમદાવાદ શહેર મુલ વતન ગામ પાડી તા.સીરોઇ રાજસ્થાન

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. વી.એમ.ગોહિલ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન : (૨)</u>

## <u>આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ</u>

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૦૫૩/૨૦૨૧ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૩૬/૨૦૨૧ તા.૨૪/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૪/૦૧/૨૦૨૧ ના કલાકઃ૨૦/૪૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>આરોપીનું નામ:-</u>

વિક્રમ સ/ઓ લાખારામ ડાહ્યાલાલ જાતે રાણા(ભીલ) રહે.મ.નં.૧૨,શક્તિનગર સોસાયટી ઉમા હોસ્પીટલ પાસે નવા નરોડા અમદાવાદ શહેર મુલ વતન ગામ પાડી તા.સીરોઇ રાજસ્થાન

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા પો.સ.ઇ. વી.એમ.ગોહિલ તથા અ.હે.કો.શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૫૧૬ લીટર દેશી દારૂ, ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૪/૨૦૨૧**

**સરખેજઃ** કલીમભાઇ મુસ્લીમભાઈ શેખ (રહે. મીમ રો-હાઉસ આર.સી.સી.રોડ ફતેવાડી કેનાલ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૨૪/૦૧/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી મોબાઇલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૬,૦૦૦/-, ચાંદીની ઝાંઝરી બે જોડી, સોનાનુ મંગળસુત્ર પેન્ડલ સાથે અને સોનાની કાનની બુટી મળી કુલ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૪,૫૦૦/- મતાની તથા પડોશી મોહમંદ ઈમામઉલ ઉર્ફે નુરમહમંદ શેખનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- તથા પાડોશી મોહમંદએઝાઝ નાઓના ઘરમાંથી ત્રણ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૫૦૦/- તથા પાડોશી અમઝદખાન પઠાણના ઘરમાંથી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૫/૨૦૨૧**

**પાલડીઃ** મહેશભાઇ ડાયાભાઇ પટેલ (ઉ.વ.૪૮)(રહે.ઉમીયા વિજય સોસાયટી બીમાનગર સામે શિવરંજની ચાર રસ્તા સેટેલાઈટ) તા.૨૪/૦૧/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પાલડી કસ્તુરી ડાયનિંગ હોલ પાસે ભારત પેટ્રોલ પંપ સામેથી મહેશભાઇ પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા પુરૂષે મહેશભાઈની ગાડી રોકાવી “ગાડીમાથી ઓઈલ ટપકે છે” તેમ જણાવતા મહેશભાઇ ગાડી ઉભી રાખી ઓઈલ ચેક કરતા હતા ત્યારે મહેશભાઈની નજર ચુકવી ગાડીમાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો સાથેની બેગ અજાણ્યો પુરૂષ ચોરી કરી લઇ ગયો હતો. આ અંગેની ફરીયાદ મહેશભાઇ પટેલે પાલડી પોલીસ સ્ટેશાન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.યુ.ટાપરીયા ચલાવે છે.

**<u>ત્યજી દીધેલ બાળકી મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬/૨૦૨૧</u>**

**મણીનગરઃ** તા.૨૪/૦૧/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા મણિનગર મચ્છીપીરની દરગાહ બહાર જોગણી માતાજી અને હડકાઇ માતાજી મંદીરના ઓટલા ઉપર ત્યજી દીધેલ ૧૦ થી ૧૨ દિવસની બાળકી મળી આવતા મણીનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૃધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૭/૨૦૨૧</u>**

**સોલા હાઇકોર્ટઃ** મનિષભાઈ હવસિંગ ભુરીયા (ઉ.વ.૨૧)(રહે.ચાંદલોડીયા વિશ્વકર્મા મંદિર પાછળ કાચા છપરાંમા ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૧ કલાક ૧૦/૨૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીમાભાઇ લાખાભાઇ ચલાવે છે.

**શાહપુરઃ** ઓલવીન સ/ઓ જોસેફ ઝેવિયર (ઉ.વ.૧૭)(રહે.બોરસલ્લી એપાર્ટમેંટ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૧ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દશરથભાઇ ગીરધરભાઇ ચલાવે છે.

**વટવાઃ** સુનીલ ભૈરૃલાલ જેઠા (ઉ.વ.૫૧)(રહે.ગોકુલ સોસાયટી બીબી તળાવ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૃમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી